જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૫/૧૨/૨૦૨૩ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૬૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૧ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૧૫૯ લીટર દેશી દારૂ, ૧૨૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૫૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦ બીયરટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૩,૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૬૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૨૦૬૭/૨૦૨૩

**દરીયાપુરઃ** નગીનકુમાર વલ્લભદાસ ભોજાણી (ઉ.વ.૬૯)(રહે.ગીતા જીનીંગ એન્ડ ઓઇલ કમ્પાઉન્ડ, પંચાસર રોડ, મોરબી) એ તા.૨૪/૧૨/૨૦૨૩ ના રોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૧/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર ચોખા બજાર ભંડેરી પોળ, ગ્રાઉન્ડ ફ્લોર, સીટી સર્વે નંબર-૫૮-૫૯ પૈકી દુકાન નંબર-૦૩ ખાતે આવેલ નગીનકુમારની ઓફીસમાં કામ કરતા આરોપી (૧) જયદીપ ભરતભાઇ પંચોલી (રહે.પારસીની ચાલી, કબીર ચોક રોડ, ચર્ચ પાસે સાબરમતી) અને (૨) નરેશભાઇ માલજીભાઇ પ્રજાપતિ (રહે, દીલાલીનગર, આદીનાથનગર વિભાગ-૨, ઓઢવ) એ ભેગામળી નગીનભાઇની જાણ બહાર રૂપિયા ૩,૩૨,૩૪૩/- નો ખાધ્ય તેલનો જથ્થો વેચાણ કરી અલગ- અલગ કુલ ૧૨ વેપારીઓને આપેલ માલના કુલ રૂપિયા ૫,૨૧,૨૫૮/- મેળવી લઇ, નગીનકુમારને રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એન.જાદવ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૮/૨૦૨૩**

**નરોડાઃ** યોગેશભાઈ જીવણભાઈ મકવાણા (ઉ.વ.૪૬)(રહે.લક્ષ્મીનગર આદિશ્વર કેનાલ પાસે નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૨૩ રાતના ૮/30 થી તા.૨૨/૧૨/૨૦૨૩ સવારના ૭/30 વાગ્યા દરમ્યાન અમરનાથ એસ્ટેટે દુકાન નંબર.૧૮ “મા કૃપા એન્જીનીયરીંગ” નામના કારખાનામાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, કારખાનામાં જોબવર્ક માટે લાવેલ લોખંડની કાસ્ટીંગ પુલી કુલ નંગ-૪૮ કિંમત રૂપિયા ૪૨,૧૪૪/- તથા બાજુમા આવેલ “વિષ્ણુ ઈન્ડસ્ટ્રીઝ” ના માલીક ગોવિંદભાઈ મંગળદાસ પંચાલ ના કારખાનામાંથી એસ.આર.વી બોડી WCB લોખડનું મટીરીયલ નંગ-૧૯ કિંમત રૂપિયા ૪૧,૦૪૦/-, એસ.પી.બોડી WCB લોખંડનુ મટીરીયલ નંગ-૨ કિંમત રૂપિયા ૫,૯૮૦/- તેમજ એસ.પી.૩૫ બોડી SS મટીરીયલ નંગ-૨ કિંમત રૂપિયા ૨૧,૩૨૦/- મળી કુલ રૂપિયા ૧,૧૦,૪૮૪/- મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ઇશ્વરસિંહ દશરથસિંહ ચલાવે છે.

**કાગડાપીઠઃ** જીગ્નેશભાઇ દીનેશચંદ્રભાઇ ભટ્ટ (ઉ.વ.૫૦)(રહે.દ્વારકેશ એપાર્ટમેન્ટ રામજી મંદીર સામે પુનીત આશ્રમ રોડ કાંકરીયા) એ તા.૨૪/૧૨/૨૦૨૩ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૧૦/૨૦૨૩ બપોરના ૩/૦૦ થી તા.૨૪/૧૨/૨૦૨૩ સવારના ૧૦/૨૦ વાગ્યા દરમ્યાન મજુર ગામ જોગણી માતાના મંદીર પાસે યોગેશપુરી કોલોની ખાતે આવેલ મકાન નંબર-૦૩ના દરવાજાનું તાળુ ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, ચાંદીની મુર્તિ કિંમત રૂપિયા ૫,૦૦૦/-, અલગ-અલગ ભગવાનના ચાંદીના સિક્કા નંગ-૨૫ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.બામ્ભા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૯/૨૦૨૩**

**નરોડાઃ** મનિષાબહેન વા/ઓ ક્રિષ્ણાસિંહ સિંગ (ઉ.વ.૨૬)(રહે.સ્વામિનારાયણ પાર્ક નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૨/૨૦૨૩ સાંજના ૭/30 વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી